ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ | બારડોલી-વ્યારા-ભરૂચ



## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબા-તરસાડીમાં ટ્રાફિક સમસ્યા વધતાં પોલીસ રોડ પર ઊતરી




હથોડાઃ કોસંબા-તરસાડીમાં મુખ્ય માર્ગો પર ગેરકાયદે પાર્કિંગ અને લારી-ગલ્લાનાં દબાણોને કારણે રોડ સાંકડા બની જતાં ભારે ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને લીધે સામાન્ય નાગરિકો સાથે ઈમરજન્સી કામગીરીમાં જતી પોલીસ ગાડીઓને પણ અવરોધનો સામનો કરવો પડે છે. આ ગંભીર પ્રશ્નને ઉકેલવા આજે મોડી સાંજે કોસંબા પોલીસ સ્ટાફ પોતે રોડ પર ઊતર્યો હતો. પોલીસે દુકાનદારો અને લારી-ગલ્લા ધારકોને યોગ્ય જગ્યાએ વાહનો પાર્ક કરવા અને દબાણો હટાવી ટ્રાફિક સમસ્યા ન સર્જવા કડક ટકોર કરી હતી.

### કુકરમુંડામાં સાપોનું રેસ્ક્યુ કરાયું



કુકરમુંડાઃ કુકરમુંડાના હથોડા ગામમાંથી ખડચિત્તરો અને મોદલામાંથી નાગનું સ્નેક રેસ્ક્યુઅર વિશાલ પાડવીએ સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. આ ઉપરાંત, નિઝરના વેલ્દા ગામમાં દેખાયેલા નાગને રેસ્ક્યુઅર સૂરજ વળવીએ સુરક્ષિત પકડી લીધો હતો. પકડાયેલા તમામ સાપોને માનવ વસાહતથી દૂર કુદરતી આવાસમાં મુક્ત કરાયા હતા.

### મહુવામાં જમીન વિવાદમાં વૃક્ષો કાપી રસ્તો ખોદી નાંખનારા સામે ફરિયાદ

અનાવલ: મહુવાના વાઘેશ્વર ગામે જમીન વિવાદમાં ૬૮ વર્ષીય નિવૃત્ત મહિલા મંજુબેન સોલંકી અને તેમના પરિવારને હેરાન-પરેશાન કરવા તેમજ ધમકી આપવા બદલ ૪ ઈસમ વિરુદ્ધ મહુવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ફરિયાદ અનુસાર બારડોલીની શિવ-દર્શન સોસાયટીમાં રહેતાં મંજુબેનની વાઘેશ્વર સ્થિત ખેતીની જમીન પર વર્ષ-૨૦૨૦થી મે-૨૦૨૬ દરમિયાન આરોપીઓએ ગેરકાયદે પ્રવેશી તોડફોડ કરી હતી. આરોપીઓએ રસ્તો ખોદી કાઢ્યો હતો, આંબાનાં વૃક્ષો કાપ્યાં હતાં અને વીજ મીટર, મોટર તથા પાઈપલાઈનને નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત કોદારી જેવાં હથિયારો બતાવી ખેતી કરતા અટકાવ્યાં હતાં અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે મહુવા પોલીસે અલ્પેશ મિસ્ત્રી, ચેતન મિસ્ત્રી, ડાહ્યાભાઇ મિસ્ત્રી અને ચંદ્રકાંતભાઇ મિસ્ત્રી વિરુદ્ધ BNS તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત માંડવીના ગવાછી ગામના 11 પરિવારને કિટનું વિતરણ કરાયું



માંડવી: માંડવીના ગવાછી ગામે ભારે અતિવૃષ્ટિના કારણે નીચાણવાળા વિસ્તારનાં ૧૧ ઘરમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. ઘરમાં પાણી ભરાતાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનું અનાજ તથા ઘરવખરી પલળી જતાં ભારે નુકસાન થયું હતું. આ કપરી પરિસ્થિતિમાં 'સવનો સાથ ગ્રુપ' મદદે આવ્યું હતું. ગ્રુપના સભ્યોએ સ્થળ પર પહોંચી પ્રભાવિત ૧૧ પરિવારને રાશન અને જીવનજરૂરી અનાજ-કરિયાણાની કિટ્સનું વિતરણ કરી રાહત પહોંચાડી હતી. ગવાછી ગ્રામ પંચાયત તથા ગ્રામજનોએ 'સવનો સાથ ગ્રુપ'નો આભાર વ્યક્ત કરી સરાહના કરી હતી.

### ડોડવા ગામે નમી ગયેલા ટ્રાન્સફોર્મરનું સમારકામ



કુકરમુંડાઃ કુકરમુંડાના ડોડવા ગામે માનસિંગભાઈ વળવીના ઘર નજીક નમી ગયેલા વીજ ટ્રાન્સફોર્મર અને ઝૂલતા કેબલથી અકસ્માતનો ભય હતો. આ અંગે અહેવાલ પ્રસિદ્ધ થતાં વીજ વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી સમારકામ હાથ ધરી ટ્રાન્સફોર્મર સુરક્ષિત કર્યું હતું. સમયસર કામગીરીથી સંભવિત હોનારત ટળતાં સ્થાનિકોએ રાહત અનુભવી હતી.

### તાજપોર કોલેજ ખાતે ટેક્નિકલ સેમિનાર યોજાયો



બારડોલી: બારડોલીના વિડિયોગ્રાફર અને ફોટોગ્રાફર એસોસિએશન (VPAB)નાં દસ વર્ષ પૂર્ણ થવાના અવસરે તાજપોર કોલેજ ખાતે ફુલ-ડે ટેક્નિકલ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી ૧૫૦થી વધુ વ્યવસાયિકોએ ભાગ લીધો હતો. બીપીન સાંઈએ મોડેલ સાથે પ્રેક્ટિકલ ડેમો આપી આધુનિક ટેક્નિક, લાઇટિંગ અને એડિટિંગનું માર્ગદર્શન આપ્યું હતું, જેથી ગ્રામ્ય ફોટોગ્રાફરો શહેરી સ્પર્ધામાં ટકી શકે. નોંધનીય છે કે, VPAB અત્યાર સુધીમાં તાલીમ અને 'મિશન AI' સહિત ૧૦૧ પ્રવૃત્તિઓ પૂર્ણ કરી ચૂક્યું છે.

### કુકરમુંડામાં યુવા સંગઠનની શોભાયાત્રા




કુકરમુંડાઃ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે કુકરમુંડા તાલુકામાં ગતરોજ શનિવારે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરોડ ગામે આદિવાસી એકતા પરિષદ, યાહા મોગી પરિવાર તથા ગ્રામ સમિતિ પરોડના સંયુક્ત ઉપક્રમે વિશ્વ આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી કરાઈ હતી, જ્યારે કુકરમુંડા તાલુકાના મુખ્ય મથકે આદિવાસી યુવા સંગઠન દ્વારા ભવ્ય શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

### અમદાવાદના NDPS કેસમાં 2 વર્ષથી વોન્ટેડ આરોપી પાલેજથી ઝડપાયો

ભરૂચ: ભરૂચ SOGની ટીમે NDPSના કેસમાં બે વર્ષથી ફરાર આરોપીને પાલેજથી ઝડપી લીધો છે. તા.6-9-2024ના રોજ અમદાવાદ DCB ક્રાઈમ પો.સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં વસીમખાન મહેમુદખાન પઠાણ (રહે., સાલેહપાક-1, 62, જહાંગીરપાર્કની પાસે, પાલેજ, ભરૂચ) પાલેજ ખાતે તેના ઘરેથી પકડાયો હતો. આ કેસમાં અગાઉ કુલ 194.850 કિલો ગાંજો (કિંમત રૂ.42,86,700) જપ્ત કરવામાં આવ્યો હતો.

# હલધરૂ ગામે ફાર્મહાઉસમાં દારૂની મહેફિલ માણતા નબીરા ઝડપાયા

**LCBનો સપાટો**, ૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

**અંત્રોલીના** રોહિત વાસફોડીયા અને ઈશ્વર વાસફોડીયાએ મહેફિલનું આયોજન કર્યું હતું




પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. (LCB) અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે કામરેજના હલધરૂના 'એપલપુલ વીલા' ફાર્મહાઉસ નં.૩૬ માં ચાલતી વિદેશી દારૂની મહેફિલ પર દરોડો પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂ માણતા ૯ નબીરાને ઝડપી રૂ.૨૭,૧૩,૫૦૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

હલધરૂના એપલપુલ વીલા ફાર્મહાઉસ નં.૩૬માં દારૂની મહેફિલની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ૯ નબીરાને ઝડપી લીધા હતા. અંત્રોલીના ભુરી ફળિયામાં રહેતા રોહિત વાસફોડીયા અને ઈશ્વર વાસફોડીયાએ આ ફાર્મહાઉસમાં મહેફિલનું આયોજન કર્યું હતું.

આ ગુનામાં સંડોવાયેલા અન્ય ૧૦ જેટલા આરોપી ઈશ્વર વાંસફોડીયા, રોહિત ઉર્ફે બુચો, પ્રકાશ વાંસફોડા, મીતલો, કેતુલ, દુર્લભ લુહાર, સલમાન શેખ, ભુમીત, ધવલ રાઠોડ અને આયુષ રાઠોડને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂની બોટલો, બીયર, અડધી ભરેલી સ્કોચ વ્હીસ્કી અને ખાલી બોટલો જપ્ત કરી હતી. આ ઉપરાંત ફાર્મહાઉસમાંથી ૩ કોફી કલરના સોફા, ૧ ટીપાઈ, પ્લાસ્ટિકનું ટેબલ, ૨ ખાટલા અને સ્ટીલની ખુરશીઓ પણ કબજે કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી કુલ રૂ.૧,૮૦,૦૦૦ની કિંમતના ૧૧ મોબાઈલ ફોન અને અંગજડતીમાંથી રોકડા રૂ. ૧૯૦૦ મળી આવ્યા હતા. પોલીસે ૪ કાર જપ્ત કરી છે, જેમાં ૧૦ લાખની સ્કોર્પિયો (GJ-19-BR-5007), ૫ લાખની હ્યુન્ડાઇ (GJ-05-JX-7750), ૫ લાખની મારુતિ સ્વિફ્ટ (GJ-05-RT-5293) અને ૫ લાખની મારુતિ ફ્રોન્સ (DD-03-M-2142) નો સમાવેશ થાય છે. આમ, પોલીસે કુલ રૂ.૨૭,૧૩,૫૦૬નો મુદ્દામાલ કબજે કર્યો છે.

**પકડાયેલા આરોપીઓનાં નામ**

રાહુલ રાઠોડ (રહે.,અંત્રોલી, પુલ ફળિયું, તા. પલસાણા), અમરશી વસાવા (રહે.,અંત્રોલી ગામ, રામનગર ફળિયું), નીવ ડોબરિયા (રહે.,ફ્લેટ નંબર ૩૦૨, સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટ, વરેલી), મયૂર રાઠોડ (રહે.,ઘર નં.૯, ઉપલી કોલોની, દુખીયાનો દરબાર, મોટા વરાછા), અરવિંદ રાઠોડ (રહે., મકાન નં.૯, ઉપલી કોલોની, મોટા વરાછા), અજય રાઠોડ (રહે.,વરેલી, મહાદેવ ફળિયું), ફ્રીડમ ચૌહાણ (રહે.,૧૭૨, સાંઈનગર, અંત્રોલી), અમિત વાસફોડીયા (રહે.,ભૂરી ફળિયા, અંત્રોલી)

## ઓરમા ગામે માર્બલ ઘસવાના સામાનની ચોરી

સાયણઃ ઓલપાડના ઓરમા ગામે દુકાનનું શટર તોડી અજાણ્યા ચોર રૂ.૧૪,૦૦૦ની મત્તાના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સુરતના ભટાર ચાર રસ્તાની તડકેશ્વર સોસાયટીમાં રહેતા મનોજ ગોસ્વામીની ઓરમા સ્થિત દુકાનમાંથી ગત ૫થી ૬ ઓગસ્ટ દરમિયાન ટાઇલ્સ કાપવા-ઘસવાનાં મશીન, બ્લેડ અને ઓજારોની ચોરી થઈ હતી. આ અંગે મનોજભાઈએ ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મીંઢોળામાંથી પથ્થર સાથે બાંધેલો નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો

**પલસાણાના** પાદર ફળિયામાં રહેતા યુવાને લાશ જોઈ પોલીસને જાણ કરી

પલસાણાઃ પલસાણા પાદર ફળિયાની પાછળ આવેલી મીંઢોળા નદીમાંથી આશરે ૧ થી ૨ મહિનાની નવજાત બાળકીનો મૃતદેહ મળી આવ્યો છે. આ માસૂમ બાળકીને અત્યંત ક્રૂરતાપૂર્વક લાલ કપડામાં વીંટાળી, તેના ગળાના ભાગે સફેદ રંગની પ્લાસ્ટિકની પટ્ટી બાંધી અને પટ્ટીના બીજા છેડે બે પથ્થર (બ્લોક) બાંધીને નદીના પાણીમાં ત્યજી દેવાઈ હતી.

પલસાણાના લીમડા ચોક વિસ્તારમાં રહેતા અને છૂટક મજૂરી કરતા ૪૨ વર્ષીય વિજય દેવસિંહ દેવીપૂજક ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે પોતાના ઘરે હતા, ત્યારે ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય યુવાન ચમકભાઈ દેવીપૂજકે આવીને તેમને નદીમાં બાળકી પડી હોવાની જાણ કરી હતી. વિજયભાઈએ તાત્કાલિક સ્થળ પર જઈને જોયું તો નદીના કાંઠેથી ૩ ફૂટ અંદર અને ૨ ફૂટ ઊંડા પાણીમાં આ બાળકી મૃત હાલતમાં જોવા મળી હતી. આ અંગે તાત્કાલિક પલસાણા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પલસાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. આજુબાજુના વિસ્તારમાં બાળકીના વાલીવારસ અંગે તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી. આખરે આ મામલે વિજય દેવીપૂજકની ફરિયાદના આધારે પલસાણા પોલીસે આ રાક્ષસી કૃત્ય કરનાર અજાણ્યા સ્ત્રી કે પુરુષ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી આદરી છે.

# ગીરવે મૂકેલો ચાંદીનો હાર હડપ કરતા વેલાછાના બે સામે ફરિયાદ

**બીમાર** પત્નીની સારવાર માટે સાવાના ગોપાલભાઈએ ચાંદી ગીરવે મૂકી રૂ.10,000 લીધા હતા

**મૂળ રકમ** અને વ્યાજ મળી 35,000 રૂપિયા આપવા છતાં વેપારીએ હાંકી કાઢ્યા

હથોડાઃ બીમાર પત્નીની સારવાર માટે ચાંદીનો હાર ગીરવે મૂકી લીધેલાં નાણાં વ્યાજ સહિત ચૂકવવા ગયા હોવા છતાં દાગીના પરત આપવાનો ઈનકાર કરી દાદાગીરી કરનારા વેપારી અને તેના સાથી સામે કોસંબા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

સાવા ગામની બોલીવૂડ સોસાયટીમાં રહેતા ગોપાલભાઈ કોચરાની પત્ની વર્ષ-2021માં બીમાર પડી હતી. સારવાર માટે નાણાંની જરૂર ઊભી થતાં ગોપાલભાઈ વેલાછાની કરિયાણાની દુકાન ચલાવતા નવીનચંદ્ર શાહ (રહે., શાંતિનગર સોસાયટી, તરસાડી) પાસે ગયા હતા. ગોપાલભાઈએ પત્નીનો 500 ગ્રામ વજનનો ચાંદીનો સેટ અવેજીમાં ગીરવે મૂકી 3 ટકા વ્યાજે 10,000 રૂપિયા મેળવ્યા હતા. તાજેતરમાં નાણાંની વ્યવસ્થા થતાં ગોપાલભાઈ મૂળ રકમ અને વ્યાજ મળી કુલ 35,000 રૂપિયા રોકડા લઈને ચાંદીનો હાર પરત લેવા માટે વેલાછા ખાતે નવીનચંદ્રની દુકાને પહોંચ્યા હતા. જોકે, વેપારી નવીનચંદ્ર શાહે ચાંદીનો હાર ગીરવે રાખ્યો હોવાનો જ સાફ ઈનકાર કરી દીધો હતો અને ગોપાલભાઈ સાથે અત્યંત તુચ્છ ભાષામાં વર્તન કરી અપમાનિત કરીને કાઢી મૂક્યા હતા. ત્યારબાદ અન્ય એક ગ્રામજનને સાથે રાખીને રજૂઆત કરવા છતાં વેપારીએ કોઈ દાદ આપી ન હતી. આખરે નાણાં ચૂકવવા છતાં દાગીના ન પચાવી પાડવાના આ માનસિક શ્રમથી કંટાળી ગોપાલભાઈએ નવીનચંદ્ર હીરાલાલ શાહ અને ભુરાભાઈ શાહ સામે કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

## બારડોલીમાં પૂરઝડપે આવતી કારની અડફેટે બે શ્વાનનાં મોત

બારડોલી: બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલા ગંગાનગર પાસે પૂરપાટ કાર અડફેટે બે શ્વાનનાં મોત નીપજ્યાં હતાં. ગંગાનગરમાં રહેતા ડાહ્યાભાઈ ભીખાભાઈ રબારીના જણાવ્યા અનુસાર તેઓ જે બે શ્વાનને દરરોજ ખોરાક આપતા હતા તે રસ્તો ક્રોસ કરી તેમના ઘર તરફ આવી રહ્યા હતા. તે જ સમયે સ્વામિનારાયણ મંદિર તરફથી ગફલતભરી રીતે આવી રહેલી હોન્ડા એકોર્ડ કાર નં.(GJ-01-HU-6015)ના ચાલકે બંને શ્વાનને કચડી નાંખ્યા હતા. આ ઘટના અંગે ડાહ્યાભાઈની ફરિયાદના આધારે બારડોલી ટાઉન પોલીસે ફરાર થયેલા અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.





## બારડોલીમાં રૂ.૪.૫૨ કરોડના વિદેશી દારૂનો નાશ કરાયો

પલસાણાઃ બારડોલીના કીકવાડ ગામે પોલીસે જંગી વિદેશી દારૂનો નાશ કર્યો છે. કોર્ટના હુકમ બાદ કામરેજ પ્રાંત અધિકારી વી.કે.પીપળીયાની હાજરીમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. મેદાનમાં ગોઠવેલા દારૂના જથ્થા પર રોડ રોલર ફેરવીને તેનો સંપૂર્ણ નાશ કરાયો હતો. આ સમગ્ર કાર્યવાહીમાં પલસાણા અને કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ ૧૬૬ ગુનામાં જપ્ત કરાયેલ મુદ્દામાલનો સમાવેશ થાય છે, જેમાં પલસાણાના ૧૪ ગુનાના ૨.૮૧ કરોડની કિંમતની ૧,૨૬,૧૧૪ બોટલ અને કામરેજ પોલીસ સ્ટેશનના ૧૫૨ ગુનાઓમાંથી જપ્ત કરાયેલી ૧.૭૧ કરોડની કિંમતની ૫૭,૫૭૯ બોટલનો સમાવેશ થાય છે. આમ, બંને પોલીસ મથકો દ્વારા જપ્ત કરવામાં આવેલ કુલ ૧,૮૩,૬૯૩ નંગ દારૂની બોટલ અંદાજિત કિંમત ૪.૫૨ કરોડનો નાશ કરવામાં આવ્યો હતો.

## એનાના રહેણાક વિસ્તારમાં લટાર મારતો દીપડો CCTVમાં કેદ

**દીપડો** દીવાલ પર બેઠો, બાદ દીવાલ કૂદી ભાગી ગયો, લોકોમાં ભય



બિનધાસ્ત બેઠો છે અને ત્યારબાદ મકાનની દીવાલ કૂદીને જતો રહેતો હોવાનું CCTV ફૂટેજમાં દેખાય છે.

પલસાણાઃ એના ગામમાં રહેણાક વિસ્તારમાં જ દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભય છવાયો છે. શુક્રવારે એનામાં ઋણમુક્તેશ્વર મંદિર પાસેની દીવાલ પર એક દીપડો આરામ ફરમાવતો જોવા મળ્યો હતો. આ ઘટનાએ લોકોમાં ફફડાટ વધાર્યો જ હતો, ત્યાં ૨૪ કલાકની અંદર જ દીપડો ફરીથી નજરે ચડ્યો હતો. મધરાતે આશરે પોણા એક વાગ્યાના સુમારે ગામના જાગીરદાર ફળિયામાં રહેતાં કંચનબેન બાલુભાઈ પટેલના ઘર પાસે લગાવવામાં આવેલા CCTV કેમેરામાં આ દીપડાની હિલચાલ કેદ થઈ ગઈ હતી. દીપડો રસ્તાની વચ્ચે એકદમ

**મહે કઠોરના જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

પરચુરણ અરજી નં.: ૧૩૭૫ /૨૦૨૬
અરજદારના વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર,
વકીલશ્રી ભૂમિકા બી. પટેલ

અરજદારઃ :- રાકેશભાઈ મનુભાઈ ઢોડિયા

વિરૂધ્ધ

સામાવાળાઃ ઉભેળ તલાટીમંત્રી, ઉંભેળ ગામ પંચાયત તા. કામરેજ, જી. સુરત

આ કામના અરજદારે પોતાના જન્મના દાખલામાં બાળક ના નામ વાળી કોલમમાં નામ રમણભાઈ લખાયેલ છે તેના સ્થાને રાકેશભાઈ તથા પિતાના નામવાળી કોલમમાં નામ મનહરભાઈ લખાયેલ છે. તેના સ્થાને મનુભાઈ મુજબ નો સુધારો કરવા માટે અત્રેની કોર્ટ મા અરજી કરેલી છે. જેની મુદત તા.: ૦૫/૦૯/૨૦૨૬ ના રોજ ની મુકરર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકાર નો વાંધો વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રેહવુ જો તેમ કરવા મા કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય, હુકમ કરવામા આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૦૫ મી માહે ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર | હુકમથી શ્રી — રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ કઠોર

## સંક્ષિપ્ત સમાચાર

### ધજાંબા ગામે દીપડો પાંજરે પુરાયો

વ્યારા: ઉકાઈના ધજાંબા ગામના માછલી ફળિયામાં એક વર્ષનો દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. પાંજરે પુરાયેલ દીપડાને વન વિભાગ ટીમે સુરક્ષિત જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરાઈ હતી.

### સાગબારાની જે.કે. હાઈસ્કૂલમાં કાર્યક્રમ



સાગબારાઃ વિશ્વભરમાં 9મી ઓગસ્ટે ઉજવાતા વિશ્વ આદિવાસી દિવસની પૂર્વ સંધ્યાએ શનિવારે સ્થાનિક જે.કે.હાઈસ્કૂલ ખાતે ઐતિહાસિક અને ભવ્ય ઉજવણીથી હતી. શાળા પરિસર, શિક્ષકો અને વિદ્યાર્થીઓના સહિયારા પ્રયાસે આ દિવસને યાદગાર બનાવાયો હતો. આદિવાસી ઢોલના ગજબના તાલ પર થઈ રહેલા નૃત્ય અને ઉત્સાહે સમગ્ર વાતાવરણને આદિવાસી સંસ્કૃતિના રંગે રંગી દીધું હતું.

### અણોઈના ફાર્મ હાઉસમાંથી દારૂ ઝડપાયો

વાંકલ: સુરત ગ્રામ્યના માંગરોળ પોલીસ સ્ટેશન વિસ્તારના અણોઈ ગામમાં આવેલ 'ફાર્મસ ગ્રીન વિલા' ફાર્મ હાઉસ પર પોલીસે દરોડો પાડી ગેરકાયદે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પી.આઈ. દેસાઈને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ૪,૩૧૪ બોટલ વિદેશી દારૂ તથા બિયર (કિંમત ૯,૬૫,૪૦૦), રોકડ અને ૨ મોબાઈલ સહિત કુલ ૯,૭૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. સ્થળ પરથી અણોઈના વિપુલભાઈ મનહરભાઈ વસાવાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર લુણાના જગદીશ ઉર્ફે જગો વસાવા, દિવ્યેશ વસાવા, સાહિલ અને ઈનોવા ગાડીના અજાણ્યા ચાલક સહિત ૪ આરોપી ફરાર છે. માંગરોળ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો

સોનગઢ: સોનગઢ રેલવે સ્ટેશન રોડ પર આવેલા ઐતિહાસિક ખંડેરાવ મંદિર પાછળની ખીણમાં પાણી ભરેલા ભાગમાંથી એક અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો હતો. સોનગઢ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. સાથે નગરપાલિકા અને ફાયર વિભાગની ટીમ પણ ત્વરિત પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીમાંથી મૃતદેહ બહાર કાઢી શબવાહિની મારફતે પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો.

### ટોકરવામાં વિદ્યાર્થીને સાપ કરડ્યો

સોનગઢ: સોનગઢની ટોકરવા આશ્રમશાળામાં ધો.૧૧માં અભ્યાસ કરતા આયુષભાઈ હનીફભાઈ ગામીતને સવારે સાપ કરડતા તાત્કાલિક સોનગઢ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો. સદનસીબે સમયસર સારવાર મળતાં હાલ વિદ્યાર્થીની તબિયતમાં સુધારો જોવા મળ્યો છે.

### કહાનવામાં અસ્થિર મગજની મહિલાની લાશ મળી

ભરૂચ: જંબુસરના કહાનવાની તલાવડીમાંથી કાંતાબેન પઢીયાર (ઉં.વ.૫૫) નામના માનસિક અસ્થિર મહિલાની લાશ મળી આવી હતી. તેઓ ત્રણ દિવસથી ઘરેથી ગુમ હતાં. વેડચ પોલીસે ફાયર ટીમના સહયોગથી મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે જંબુસર હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાના બેડકૂવા દૂર ગામે અકસ્માત, 1 ઘાયલ

વ્યારા: વ્યારાના બેડકૂવા દૂર ગામે બાઈક નં.(GJ 26 M 8251)ના ચાલક હિમાંશુ ચૌધરીએ સાઇકલસવાર સુરેન્દ્રભાઈ ચૌધરીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સાઇકલસવારને ઈજા થઈ હતી, જ્યારે બાઈકચાલક રોડ પર પટકાતાં ગંભીર રીતે ઘવાયો હતો. તેને વધુ સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

### અંકલેશ્વર GIDCની PI ઇન્ડસ્ટ્રિઝમાંથી રૂ.94,500ના SS પાઇપની ચોરી

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના પાનોલી GIDC વિસ્તારમાં આવેલી PI ઇન્ડસ્ટ્રિઝ કંપનીમાંથી રૂ.94,500 રૂપિયાના સ્ટેનલેસ સ્ટીલના પાઈપ ચોરાઈ જવાની ઘટના સામે આવી છે. જે અંગે પાનોલી પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં આદિમ સમુદાયનું સંમેલન યોજાયું

વ્યારા: વ્યારા સ્થિત ડો.આંબેડકર ભવન ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે ગત શુક્રવારે આદિમ જૂથનું વિશેષ સંમેલન યોજાયું હતું. સંમેલનમાં તાપી, નવસારી, ડાંગ ,સુરત અને નર્મદા જિલ્લાનાં આદિમ સમુદાયના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી વિકાસથી વંચિત રહેલ આ આદિમ સમુદાયને પોતાના હક્ક અને આધિકારો માટે જાગૃત કરાયા હતા.

### સોનગઢમાં મહિલા કલ્યાણ દિવસ મનાવાયો

સોનગઢ: સોનગઢની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે IQAC Cellના ઉપક્રમે WDC Cell અને મહિલા અને બાળ કલ્યાણના ઉપક્રમે મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ આચાર્ય ડો.આર.એ.પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

### અંકલેશ્વરમાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા સંચાલિત ડિસ્પેન્સરી ખાતે ત્રિનેત્ર આઈ સેન્ટરના સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પનો જરૂરિયાતમંદ દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. કેમ્પમાં ત્રિનેત્ર આઈ સેન્ટરના આંખના નિષ્ણાંત તબીબ ડો. તૃપ્તિ ગુપ્તા અને મ્યુનિસિપલ ડિસ્પેન્સરીના તબીબ ડો. દિવ્યેશ ઝીનઝાલાએ સેવાઓ આપી હતી.

### સોનગઢમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સોનગઢ: સોનગઢના સાદડવેલ ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 09:00pm
Get Set Go-Gujarati
12:00pm, 06:00pm
DC - 11:00am, 03:00pm, 09:30pm
Jan Neta - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333